નિશાળીઆઓની વિવિધ વાંચનમાળા

વાર્તાસંગ્રહ.

૧. મણકો ૨.



રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

તુલજારામ જમનાદાસ શાહ અને શંકરભાઈ ભુલાભાઈ ગાંધી,

સેકંડરીઝ વિદ્યાર્થીઓના પુસ્તક પ્રચારક કંપની—મુંબાઈ.

વાર્ષિક લવાજમની ફી રૂ. ૧-૦-૦. કિંમત રૂ. ૦-૪-૦.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कापीराअिट विभाग]

अनुक्रमांक ૪૩૧૦ वर्गांक

पुस्तकनुं नाम વાર્તાસંગ્રહ

विषय ૮-:૨

શ્રી

વિશાદીશાવાળ વિવિધ વાંચનમાળા

વાર્તાસંગ્રહ.

માળા ૧. મણકો ૨.



રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

ગુલજારામ જમનાદાસ શાહ અને શકરાભાઈ ભુલાભાઇ ગાંધી,
સેક્રેટરીઝ વિશાદીશાવાળ પુસ્તક પ્રસારક કમીટી—મુંબાઈ.

વાર્ષિક મેમ્બરની ફી રૂ. ૧-૦-૦. કીંમત રૂ. ૦-૪-૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૭૩૯૦

અમદાવાદ.
પ્રજાબંધુ પ્રી. વર્ક્સમાં
ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપી.

પ્રયોજન.

સાહિત્ય વૃદ્ધિના ચાલુ જમાનામાં નવીન સાહિત્યને પ્રકાશ પામતાં પ્રકાશ પામવાનું કારણ પ્રદિમ કરવું તેની જરૂર વિદ્વાન બંધુઓ ધારતા નથી તો પણ લેખકોની ચાલતી પદ્ધતિ પ્રમાણે હું પણ આ "વાર્તા સંગ્રહ" આપ સર્વ સમક્ષ રજુ કરતાં બે બોલ રજુ કરૂં છું.

જનસમાજની સુધારણા તેમજ વાચકવૃંદનું મન કુમાર્ગથી પરાવૃત્ત કરી સુનીતિમાં લગાડવું એ "ગ્રંથ લેખન" નો મુખ્ય હેતુ હોય છે, અને જો તે આ નાનકડા પુસ્તકથી કંઈક અંશે પાર પડશે તો મારા આ શ્રમનું સાર્થક થએલું સમજીશ.

સદાચાર પ્રિય સજ્જનો મારા શ્રમ તરફ અમિ દૃષ્ટિ રાખે અને મને પુસ્તકો પ્રગટ કરવાના લાગેલો "છંદ" વધારે ઉત્તેજીત બને એજ મારી ઈચ્છા અને ઈશ્વર પ્રત્યે પ્રાર્થના !

લેખક.

વાર્ત્તા ૧ લી. ઈનામી વાર્ત્તા.

હવે મારે કરવું શું ?

ફાલ્ગુન માસની પૂર્ણિમાની રાત્રી હતી; અશ્રાન્ત પપૈયો તળાવ ઉપરની ઘાડી ઘટામાં સતાર્ક મધુરો રવ આલોપતો હતો. આ વખતે ન્યાલચંદના ઘરમાં શયનગૃહમાં નવલચંદ પલંગપર પોતાની પ્રિય પત્નીના ખોળામાં માથુ મૂકી સુતો સુતો ચંદ્રમાનાં દર્શન કરતો હતો. લલિતા ઘડી સુધી પોતાના પ્રિયને કંઇ પુછી શકી નહિ. આખરે નવલચંદ ઉભો થઈ બેઉ હાથ લલિતાને વીંટાળી બોલ્યો લલિતા, વ્હાલી લલિતા અત્યારે ત્હારૂં ચિત્ત શા વિચાર વમળમાં ઝોકા ખાય છે ? તું શી ગભીર ચિંતામાં પડી છે કે હું લગભગ બાર માસે મુંબાઇથી અભ્યાસના પરિશ્રમથી વિશ્રાંતિ અર્થે આવ્યો છું છતાં પણ મારી સાથે ખુલાસાથી વાત કરતી નથી.

વ્હાલા હું શા વિચારમાં પડી છું તે મારા મુખેથી જાણવા કરતાં આપને કાલ સવારેજ ખબર પડશે. કારણ કે હાલ તો આપને મુંબાઇથી આવ્યે લગભગ બે કલાકજ થયા છે.

વ્હાલી તું શું મને ખુલાસાથી વાત કહેવા નથીજ માગતી ?

* * * * *

નવલચંદ્ર લલિતા સાથે વાર્તાલાપમાં પડયો છે. નિર્દોષ લલિતા પતિને પોતાના પાલવવડે પવન ઢાળે છે એવામાં નવલચંદને કાને કાઇનો પગરવ સંભળાયો. સમય લગભગ આઠ વાગ્યાનો હતો એટલે અત્યારે મને કોઇ મળવા આવ્યું હશે એવો નવલને સંભ્રમ થયો

તેવામાં તેના પિતાનો અવાજ તેને કાને પડયો કે દીકરા નવલ તારી વહુને એકદમ ઘરમાંથી કાઢી મૂક.

નવલ આવા શબ્દોથી તો ઘણો જ ગાભરો બની ગયો તેણે શયનગૃહનું બારણું ખોલી પિતા પાસે જઈ નમ્ર વદને કહ્યું પિતાશ્રી હમણા તમે જ મને બોલાવ્યો હતો. પિતાશ્રી આપને તેવું બોલાવાનું કારણ શુ હતું તે જણાવશો હજુ મને મુબાઇથી આવ્યે પુરા ત્રણ કલાક તો થયા નથી તેટલાંમાં આ શુ ?

ન્યાલચંદ શેઠ આવેશમાં બોલ્યા—આ તમને જુવાનીઆઓને ઇંગ્રેજી ભણાવ્યા એટલે તમે બધા વહુઘેલા થઇ જાઓ પણ એ મને પાલવે નહિ. વહુનું ઉપરાણું લે અને માબાપને ગણકારે નહિ તેવા છોકરાંનુ મ્હારે કામ પણ નથી જા, તું અને તારી વહુ ઉભય મારા ઘરમાંથી અત્યારે ને અત્યારે જ બહાર નીકળો નીકર અત્યારે જ તારી વહુને ઘરમાંથી કાઢી મૂક.

નવલચંદ્રે ધીમેથી કહ્યું પિતાશ્રી કારણ તો જાણવા દ્યો આટલા બધા ગુસ્સે એકદમ શીદ થાઓ છો ? મને બધું જણાવ્યા પછી આપને જેમ કરવું હોય એમ કરજો મને વ્યાજબી લાગશે તો હું તમારી આજ્ઞા પાળીશ નહિતર હુ અને મારી વહુ ગમે તેમ કરી લઇશુ.

ન્યાલચંદ શેઠ તો જરા પણ ધીમા પડયા નહિ. તેમણે તો ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યુ કે ખરૂ ખોટું જાણવું હોય તો પુછ તારી વહુને કે પુછ તારી માને કે જેને રોજ કનડે છે.

* * * *

આટલું બોલી ન્યાલચંદ એકદમ નીચે ઉતરી પડયા. નવલચંદ્ર પોતાના શયનગૃહમાં આવી લલીતાને પુછવા લાગ્યો, લલિતા વ્હાલી

લલિતા મારી ગેરહાજરીમાં તારી એવી વર્તણુક થાય તેમ છે નહિ કે જેથી કરી તું મારા માબાપને દુઃખકર્તા થઈ પડે તેમજ હું જાણું છું કે મારી માનો સ્વભાવ ઘણોજ ખરાબ છે તેમને કોઈ દીકરાની વહુ સાથે બનતું નથી તો પણ પ્રિયા જો તારાથી તેવો કોઈ પણ ગુન્હો થઈ ગયો હોય તો મને અત્યારેજ જણાવજે.

વ્હાલા, આપને આગળ મારે ખોટું બોલવાનું તો છેજ નહિ કારણકે આપના આગળ ખરૂં ખોટું કરી મારે કોઈની કનેથી જશ ખાટવો નથી તેમજ આપના આગળ મારા સુખ દુઃખની વાત કરવી એ મારી ફરજ છે તો પણ વ્હાલા આપ મુંબાઈના અભ્યાસથી કંટાળેલા મગજને બાર માસે અત્રે વિશ્રાંતિ માટે આવ્યા છો એટલે આપને હું તો મારા સુખ દુઃખની વાત નહિ જ કરૂં તો પણ આપની માતુશ્રીને તો પૂછો એટલે બધી ખબર પડશે. પછી આપ મને પૂછજો. પ્રાણાત્મન્ પ્રથમ જ દિવસે મારે માટે આપને ખમવું પડે છે જેને માટે ક્ષમા ચાહુ છું.

નવલચંદ્ર આટલુ સાંભળ્યા પછી લલિતાની રજા લઈ તરત જ પોતાની માતા પાસે આવ્યો ને કહેવા લાગ્યો માતાજી હમણાં મારા પિતાશ્રી મને લડવા આવ્યા હતા ને કહેતા હતા કે તારી વહુ તારી માને બહુ કનડે છે માટે તેને ઘરમાંથી કાઢી મૂક. તો માજી તે તમને શું કનડે છે.

દીકરા આજ કાલની ભણેલી દીકરીઓ સાસુ સસરાને તો જાણે ઘરમાં એક આડા તરીકે જ ગણે છે ને પોતે સાસુ સસરાની શરમ ન રાખતાં ઘરમાં પોતાની સખીઓને બોલાવે, પુસ્તકો વાંચે ને ગમત કરે. દીકરા ! આપણા ઘરમાં એ શું ? વળી ઘરનું કામ તો કશુંએ કરે નહિ તેમ જ મને તો જાણે ગુલામડી જ ગણે છે. કોઈ

પણ કામ કરે તો મને પૂછે નહિ ને તેની મરજીમાં આવે તેમ કરે ને તેની વહુને તારા જેવા જુવાન દીકરા ટેકો આપે એટલે એ તો ફાટી જ જાયકેની માટે તેની વહુ મારે તો ન જ જોઇએ.

માજી, માજી, હજુ મને આવ્યે તો પુરા ત્રણ કલાક પણ થયા નથી તેટલામાં તો તમે આ મોટું ભાગવત રજુ કર્યું.

દીકરા, તારા બાપા કહે છે તે તારે કરવુંજ પડશે. કારણ કે મારે હવે તેની સાથે એક ઘડી પણ બનવાનું નથી.

માજી ઠીક. અત્યારે તો હવે શાન્ત પડો. હું તપાસ કરી એક બે દિવસમાં તેનો નિવેડો આણીશ.

નવલચંદને આવતો જોઇ લલિતા પલંગપરથી ઉભી થઇ ગઇ ને સભ્યતાપૂર્વક વિનયથી બોલી કે, સ્વામિન ! આપની માતાજીને મારા સંબંધી સઘળું પૂછી આવ્યા.

નવલ જાણતો હતો તેમજ તેના કેટલાક મિત્રો તરફથી તેને પત્રો મળ્યા હતા કે લલિતા નિર્દોષ છે ને ફક્ત તેની માતાજ ખોટા ખોટા કજીઆઓ કરે છે તો પણ હવે આ બાબતમાં લલિતાને પૂછીને નિર્ણય તો કરવોજ જોઇએ કે આમાંનું ખરૂં ખોટું જણાઇ આવે.

સ્વામિનને વિચારમાં પડેલા જોઇ લલિતા બોલી કે, કેમ, વહાલા, આપ વિચાર કરશો નહિ, કારણ કે આપનું મગજ અભ્યાસના શ્રમથી કંટાળ્યું હશે માટે આપ ખુલાસાથી વાત કરો.

વહાલી, મારી માતા કહે છે કે, ઘરમાં તું બીલકુલ કામ કરતી નથી ને તેમનું કહેવું માનતી નથી; તેમ જ તેમને હરેક રીતે કનડે છે, તો તે બાબતમાં તારૂં શું કહેવું છે?

સ્વામિન્ વહાલા સ્વામિન્! હું મારા બચાવના પુરાવામાં હવે ખરેખરૂં કહું છું તે એ છે કે—આપના ઘરમાં એવું તો કામ નથી

કે જે મારાથી નથી થઇ શકતું. આપને ત્યાં રસોઇ કરવાની નથી, પાણી ભરવાનું નથી, તથા ઘરનુ પણ બીજું કામકાજ કરનાર માણસો હયાત છે એટલે ફક્ત મારે ઘરની વ્યવસ્થાનું કામ કરવાનુ છે એટલે તે કામ કરૂં અગર કોઇ નોકરને કંઈ કહું તો સાસુજી કહે છે કે રાંડ ડાહ્યલી જોને, આજકાલની તે વળી મારા નોકરોપર હુકમ કરે છે એટલે નોકરો પણ મારૂં કહેવું માને નહિ. વખતે હું જાતે કંઈ કરી લઉ તો કહે કે રાંડ ભીખારીના ઘરની આવી છે તે શેઠાણીપણું કરતાં આવડતું નથી. નવરાશમાં જો આપનુ હસ્તલેખીત "સ્ત્રીબંધુ" તથા બીજા કાંઈ સ્ત્રીઉપયોગી પુસ્તકો વાંચુ તો કહે છે કે રાંડ ફાટી ગઈ છે, તથા આપના ફોટા વગેરે સાફ કરૂં કદાચ આપનો કોઇ દીવસ પત્ર આવ્યો હોય ને તેનો જવાબ આપવાનો હોય ને તે લખતી હોઉ તો મારા પ્રતિ કેટલીક ઈર્ષા કરે છે વહાલા, આપ સમજુ છો એટલે વધારે કહેવા માગતી નથી તોપણ આટલામાંથી જે સમજવાનું હોય તે સમજી જશો. હું તદન નિર્દોષ છું.

લલિતા, લલિતા, હું સમજુ છું કે તું નિર્દોષ છે. તો પણ મારા માતપિતા એ મારા પૂજ્ય છે ને તું મારૂં એક સુખદુઃખનું સાથી પખીડુ છે એટલે મારે બેઉ પક્ષને સરખાં ગણવાંજ જોઈએ.

વહાલા, તે માટે હું આપને જરા પણ અડચણ કરવાની નથી.

વહાલી, હવે રાત્રી બહુ ગઈ છે માટે ચાલો નિંદ્રાધીન થઈએ. તેને માટે સૌ થઈ રહેશે. નવલચંદ્ર પ્રિયાનું મસ્તક ખોળામાં લઈ પલંગપર બેઠા. લલિતા નિદ્રાધીન થઈ ગઈ. ઘડી પછી નવીનચંદ્રને વિચાર થયો ને વિચારવા લાગ્યો કે હે હતભાગી હિંદુ સંસાર ! તારા શા ફજેતા છે ? અહા આવી નિર્દોષ વહુઓ પણ સાસુને ભારરૂપ થઈ પડે છે ! સાસુઓ પણ એમ સમજે છે કે વહુઓ તો દુસ્મનજ

છે; દુશ્મન સમજે છે તો તેઓ છોકરાને શા માટે પરણાવતાંજ હશે ? જો સાનુઓ સંપીને વહુથી કામ લે તો હિંદુનો સંસાર કેવો દીપી નીકળે ! માબાપને મારાથી કઈ કહેવાય નહિ કારણકે તેમણે મને પાળીપોષી મોટો કર્યો છે તેમજ આવી નિર્દોષ રમણીને પણ મારાથી શું કહેવાય ? વિચારમાં ને વિચારમાં નવલચંદથી બોલાઈ જવાયું કે—હવે મારે કરવું શું ?

ઈનામ રૂપીઆ બેનું.

વાંચક પ્રેમી ! જો આપ અમારી પુસ્તક પ્રસારક કમીટીના મેમ્બર હો તો તો બીચારો નવીનચંદ કે જેને તમારી સલાહની જરૂર છે તેને ઈનામની નજીવી રકમ તરફ ન જોતાં યોગ્ય સલાહ આપશો.

(૧) મજકુર સલાહ અષાડ વદ ૦)) સુધી મોકલવી.

(૨) આવેલી સલાહમાંથી જેની શ્રેષ્ઠ સલાહ લાગશે તેને ઈનામ મોકલવામાં આવશે.

(૩) એકજ મતની ઘણી સલાહો હશે તો જેની પહેલી દાખલ થઈ હશે તેના ઇનામપર હક્ક રહેશે.

(૪) મજકુર સલાહ આપવાનો હક્ક શ્રીવિશા દીશાવાળ પુસ્તક પ્રસારક કમીટીના મેમ્બર હશે તેનેજ છે માટે જે વાંચકો મેમ્બર ન હોય તેઓને જો સલાહ આપવી હોય તો તેમણે રૂ. ૧) એક મેમ્બર ફીના મોકલી તે સાથે સલાહ મોકલવી જે સ્વીકારવામાં આવશે.

પુસ્તક પ્રસારક કમીટીના મેમ્બરોને રૂ. ૧) માં શા.લાભો મળી શકે છે ?

(૧) એક વર્ષને માટે રૂા. ૧) છે તેમાં તો ચાર પાંચ પુસ્તકો સારા વિષયોપર લખાયલાં મળે છે.

(૨) આવી આવી ઇનામી વાર્તાઓ કાઢવા સેક્રેટરીઓ ખાસ વિચાર કરે છે એટલે એક પંથને દો કાજ જેવું છે.

(૩) વળી દરેક વર્ષે એક રસદાર નવલકથા ભેટ આપવા પણ સેક્રેટરીઓ વિચાર કરે છે.

વાર્તા ૨ જી બે મિત્રોનો વાર્તાવિનોદ.

ચૈતન્યલાલ—કેમ ભાઇ મદનલાલ શા વિચારમાં ગરક થઇ ગયો છે ?

મદનલાલ—મી. ચૈતન્યલાલ, વિચાર તો ઘણા કરૂં છુ પણ શું કરૂં. મારાં માબાપ મરી ગયાં છે તે વાત તો તમે જાણોજ છો. ઘરનો તમામ બોજો મારે માથે આવી પડયો છે. ગઈ સાલ નાની બેનને પરણાવી તેમાં રૂા. ૧૦૦૦) ખર્ચ થઇ ગયુ હતું જેમાં મારે કેટલીક રકમ તો દેવી કરવી પડી છે. હાલના મળતા પગારમાંથી કંઇ વધતું નથી કે જેથી દેવું ભરવા જેટલી પણ સવડ થઇ શકે. તેટલામાં તો વળી—

ચૈતન્ય—અને વળી બીજુ' કંઇ કહેવાનું છે કે શું ? ઝટ હોય તો કહી દે.

મદન—મારા નાના ભાઇને હવે આગળ ઇંગ્રેજી અભ્યાસ કરવા નાણાંની જરૂર છે અત્યારે હાલ તો લેણદારોજ મારા પાસે નાણાં માટે તાકીદ કરે છે. મારા હાલના પગારમાં મારૂં ગુજરાન પણ હું પરાણે પુરૂં કરૂં છું એટલે દેવાવાળાને વ્યાજ પુરતી રકમ ભરતાં પણ મને ઘણું વીતે છે. તો આ ભાઇને આગળ શી રીતે ભણાવું ? તમે જાણો છો તો ખરા કે ઇંગ્રેજી અભ્યાસ કર્યા

સિવાય જોઇએ તેટલી બાહોશી આવતી નથી અને બાહોશી સિવાય પૈસા પણ નથી. ભાઈ કદાચ ભણી પૈસા પેદા કરી દેવું વાળશે પણ હાલ તેને ભણાવવા માટે પૈસા લાવવો જ ક્યાંથી ?

ચૈતન્ય—ભાઈ જ્યારે તારી અંદર રીતે આવી સ્થાતિ હતી તો બેનને પરણાવવામાં આટલો બધો ખર્ચ કરી દેવું નહોતું કરવું. જો તે સમયે થોડું ખર્ચ કરી દેવું ન કર્યું હતે તો આ વખતે તને તારા ભાઇને ભણાવવા કોઈ પણ શરાફ નાણું આપી શકત.

મદન—શું કરૂં ભાઈ મારી જ્ઞાતિના માણસોને ચાર પાંચ દિવસ જમાડવા, જાનને જમાડવી, ને બેનને ઘરની આબરૂ પ્રમાણે યોગ્ય રકમ આપવી એટલે તેમાં વધારે ખર્ચ થઈ ગયું ને તેથી દેવું કરવું પડ્યુ.

ચૈતન્ય—ભાઈ ત્યારે તેં જ્ઞાત જમાડવાની મોટાઈ ન લીધી હત ને ફક્ત જાનને જમાડી બેનને જ યોગ્ય રકમ આપી હત તો તને શું હરકત હતી.

મદન—ભાઈ તે બાબત મે અગાઉથી તમારા જેવા વિદ્વાન મિત્રોની સલાહ લીધી હતી ને તેમની સલાહથી હું મારી જ્ઞાતિના કેટલાક આગેવાન ગૃહસ્થો પાસે પણ ગયો હતો ને મેં મારી આવી દુખદ સ્થીતિનું વર્ણન પણ કર્યું હતું; તો પણ તેઓએ તો એમજ કહ્યું કે આજ નહિ તો બાર માસ કેડે પણ તારે કંઈ જ્ઞાત કરવા વગર છુટકો છે ? માટે અત્યારેજ ખરચ ભેગું ખરચ કરી નાંખને, કારણકે આપણી જ્ઞાતિમાં જ્ઞાતો જમાડવાનો ચાલ ફરજીયાત છે એટલે તું કદાચ જ્ઞાત નહિ કરે તો જ્ઞાત તારે માટે વિચાર કરશે.

ચૈતન્ય—શું તારી જ્ઞાતિના આગેવાનો અરે જેને પ્રભુતુલ્ય મા નીને જ્ઞાતિનું હિત જ્ઞાતિના માણુસો તેમને સોંપે છે તો પણ જ્ઞાતિબંધુઓને ઉન્નત સ્થીતિપર કેવી રીતે લાવવા તે વાત પડતી મૂકી તારા જેવાઓ પાસેથી પણ દેવું કરાવી જ્ઞાતિવર્ગ જમવા સલાહ આપે છે? ઠીક ભાઇ તેમણે તને સલાહ આપી એટલે તેમને તેં કઇ કહ્યું?

મદન—ભાઈ તેમણે મને સલાહ આપ્યા પછી મારે સાધારણ તેમના સાથે બોલવું થયુ હતું ત્યારપછી—

ચૈતન્ય—ત્યારપછી શું બન્યુ તે જાણું ના.

મદન—ભાઈ મેં મારી જ્ઞાતિના અસહ્ય દબાણથી ને જ્ઞાતિગૃહસ્થોની સલાહથી તેમજ મારી જ્ઞાતિના અન્ય ગૃહસ્થોની ચાલતી ગરીબ સ્થીતિ હોવા છતાં દેવારૂપી દીવામાં પડી ન્યાતિવર્ગ કરવાના ચાલતા રિવાજને અનુસરી મેં પણ કર્યું.

ચૈતન્ય—તારે તેમને કહેવું તો હતું કે મારી કને એક પાઈ પણ નથી.

મદન—ભાઇ તે પણ મેં કહ્યું હતું પણ તેથી તો મને એવોજ જવાબ મળ્યો કે જમાઈ કનેથી દીકરીના બદલે પૈસા લ્યો, ગમે તો દેવા કરો પણ નાત તો કરવીજ જોઇએ જ કેની? બીજાને ત્યાં જમતાં સારૂં લાગે છે?

ચૈતન્ય—ભાઇ તારી જ્ઞાતિના આગેવાનો તે આગેવાનો નહિ પણ આટેવાનો છે, કારણ કે જ્ઞાતિના આગેવાનોની ફરજ છે કે જ્ઞાતિમાંથી કન્યાવિક્રય, બાળલગ્ન અટકાવવાં, સ્થીતિ વગર આબરૂને ખાતર દેવાં કરી ખર્ચ કરતા જ્ઞાતિબંધુઓને સમજ પાડી તે ખર્ચના બોજામાં ઉતરતા બંધ પાડવા, કેટલાક અયોગ્ય વરાઓ ફરજીયાત તરીકેથી કાઢી નાંખવા, જ્ઞાતિનાં

કુમળાં બાળકોને માટે કેળવણી મળે તેટલા માટે લાયબ્રેરી કાઢવી, વિદ્યોત્તેજક ફંડો કાઢવાં, વગેરે ફરજોને બાજુએ મૂકી દઇ પોતે જ્ઞાતિને એક દીવસના સ્વાદ માટે સામા પક્ષવાળાને ગરીબ હોય તો પણ દેવું કરી, અરે કેટલાક ગરીબો તો જ્ઞાતિ વરા કરવાને ખાતરજ દીકરીના પૈસા લઇને બલકે તે પૈસાએ ઉકળતા લોહી જેવા ગણાય તો તે પણ તેવી જ્ઞાતો જમવા તૈયાર થઇ, સામાને હજારો રૂપીઆના દેવામાં ઉતારી, જન્મભર દેવાના દાસ કરે છે. ઠીક ભાઇ ચાલ થયુ તે થયું હવે હું કહું તેમ ગરીબ થઇને કર.

મદન—હું ભાઇ ગરીબ તો છુ જ કેની, તું જે કહે તે કરવા તૈયાર જ છુ.

ચૈતન્ય—ભાઇ તારે જેટલા રૂપીઆનુ હાલ દેવું છે તેમાંથી અડધા રૂપીઆ હાલ હું તને આપુ છુ પણ તારા જ્ઞાતિના કેળવણી-વર્ધક કોઇ પણ ફંડમાંથી તારા ભાઇને ભણાવ. ગરીબ ગણાઇશ તે કે બીજું પણ ભવિષ્યમાં તારા ભાઇનું કલ્યાણ થશે.

મદન—હે ભાઇ મારી જ્ઞાતિમાં ફંડ છે મને તો ખબર નથી કે ફંડ હોય. તને કોને કહ્યું કે ફંડ છે. બતાવ મને તો હાલ જ જઇ તેનો બંદોબસ્ત કરૂં.

ચૈતન્ય—તમારી જ્ઞાતિ આવાં ઉજળાં અરે ગરીબને દુઃખમાં નાંખીને થતાં ખર્ચો કરે છે તેપરથી મેં તો ધાર્યું કે તમારી જ્ઞાતિનું બંધારણ સારૂં હશે. વિદ્યોતેજક ફંડ હશે, શું તું ખરૂં જ કહે છે કે ફંડ નથીજ.

મદન—નારે ના ભાઇ ફંડ તો નથી તે નથી પણ તેવી જો કોઇ સંસ્થા નીકળે તો તેને ટકવાનું પણ ભારે થઇ પડે કારણ કે તેને પણ જાઇતી મદદ ન આપે.

ચૈતન્ય—વાહરે વાહ બાઈ મોટા મોટા વરાઓ કરવા, ને ગરીબ માણસોને ભણાવવા માટે તો ફંડ જ નહિ ત્યારે લાયબ્રેરી તથા બીજી સંસ્થાઓ તો હોય જ શાની.

મદન—નારે ના બાઈ કશુંએ નથી, શું કરીએ કોઇ જુવાનીઆઓ આવી બાબતમાં હાથ ઘાલે તો તેને કહે કે સાલો લુચ્ચો છે તથા તેનાપર મહા કોપ કરે તેમ જ જ્ઞાતિમાં હજુ જોઇએ તેટલા યુવકો કેળવાયલા નથી તો વૃદ્ધ ને શ્રીમંતોની સલાહ તથા મદદ વગરતેવી સંસ્થાઓ સ્થાપી ને નીભાવી શકે.

ચૈતન્ય—વાહ બાઇ વાહ તારી જ્ઞાતિની વ્યવસ્થા જોઇ હું ઘણોજ દીલગીર છું. ચાલ હું મારી જ્ઞાતિના ફંડમાંથી તને યોગ્ય નાણાંની મદદ કરાવી તારા ભાઇને ભણાવવાની સવડ કરી આપું.

મદન—ઠીક બાઈ તારો હું આભાર માનું છું.

વાર્તા ૩ જી વહેમી ભરથારની સ્ત્રી અને નવીની નવાઈ.

માણેકલાલ એક સાધારણ સ્થીતિનો વણીક યુવક હતો. તેના પિતા નવી સ્ત્રી પરણ્યા હતા. માણેકલાલના બાપે જે વખતે નવી સાથે લગ્ન કર્યું તે વખતે મારૂં લગ્ન થયું નહોતું તેથી કરીને લગ્ન વખતે નવીની ઉમર આશરે ૨૦ વર્ષની હતી. મારા ઉપર તે પૂર્ણ ભાવ રાખતી હતી તેથી કરી હું તેની ઘણી જ આમન્યા રાખતો હતો.

નવીનાં લગ્ન થયા પછી બેએક વરસે મારૂં લગ્ન થયુ. મારી સ્ત્રીની ઉમર લગભગ ૧૫ વર્ષની હતી. લગભગ બે વરસે મારી સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો. મારી સ્ત્રી કુલીન ઘરની હોવાથી તે એવી સાદી હતી કે મારી નવી મા સહેજ સહેજ બાબતમાં મારી વહુ સાથે તકરાર કરે પણ મારી સ્ત્રી તેને કંઈ પણ પાછો જવાબ આપે નહિ. આવો આવો કલહ લગભગ બારેક માસ ચાલ્યો તોપણ મારી સ્ત્રી તેને કંઈ પણ લડતી નહતી. આજ સુધી જો કે હુ મારી સ્ત્રી તરફ થઈ જઈ નવીને કંઇ કહેતો નહતો તેમ જ કલેશથી કરી મને મારી સ્ત્રી તરફ કંઇ અણગમો પણ થયો નહતો.

આવો કલહ ઘરમાંથી ઓછો થાય તે ખાતર મારા પિતાએ મારી સ્ત્રીને જુદુ ઘર રહેવા માટે આપ્યું તો પણ મારી નવી માતા મને સમજાવી પટાવીને મને મારી સ્ત્રીને ઘેર જમવા પણ જવા દેતી નહિ. આથી કરી મારી સ્ત્રીના મનમાં વખતે વખતે કંઈક ઓછું આવતું ને તે શયનગૃહમાં વિશ્રાંતિના વખતે બતાવી આપતી હતી.

હવે મારી સ્ત્રીને જુદું ઘર આપવાથી તે પોતે સારી ચાલની હોવાથી ગામમાં મારા બાપના ઘર કરતાં મારા ઘરની આબરૂ સારી ગણાવા લાગી. આથી મારી નવી માતાને મારી વહુ ઉપર ઘણીજ ઈર્ષ્યા ઉત્પન્ન થઈ તેથી તેણે પ્રથમ મને પાકી રીતે વશ કરવો ધાર્યો.

એક દિવસે મારા પિતાને કંઇ કારણસર બહારગામ જવાનું હોવાથી મારી માતાએ કહાવ્યું કે આજે માણેકલાલ તમારે અત્રે સુઈ રહેવાનું છે કારણ કે તમારા પિતાશ્રી કંઇ કારણસર બહારગામ ગયેલા છે.

મેં ત્યાં સુવાની હા કહેવરાવી ને મારી સ્ત્રીને મેં કહી મોકલાવ્યું કે આજે મારા પિતાશ્રી બહારગામ જવાના હોવાથી હું ત્યાં સુવા આવીશ નહિ.

રાતના લગભગ નવ વાગવાનો સુમાર થયો એટલે હું મારી પેઢી વધાવી ઘેર ગયો ત્યાં તો મારાં નવીન માતુશ્રી મારા ઘર આગળની ખડકી સહેજ આડી કરી મારી વાટ જોતાં બેસી રહ્યાં હતાં. મેં અંદર જઇ તરતજ મારા કપડાં ઉતારી પથારી કયા પાથરી છે તેની તપાસ કરી પણ મારી નવીન માતુશ્રી તરફથી તરતજ પ્રત્યુતર મળ્યાં કે તમારી પથારી મારા સુવાના ખંડમાં કરી છે ત્યાં જઈ સુઈ જાઓ હું પણ સહજ કામ છે તે કરી સુઈ જાઉ છું.

મારી માતાના આવા જવાબથી મને સંશય ઉત્પન્ન થયે તો ખરોપણ મેં તે બાબત બહુ ખુલાસો ન કરતાં અંદર ઓરડામાં જ્યાં નવીને સુવાનો ઓરડો હતો ત્યાં જઈ પાથરેલા ખાટલાપર સુઇ ગયો.

મારૂં ઘર એવી સાધારણ બાંધણીનું હતું કે તેમાં બહુ ફેશન પણ નહોતી તેમજ છેક સાદું પણ હતું નહિ. ઓરડાની અંદર દીવી• પર દીવો બળતો હતો. હું ખાટલાપર સુઈ ગયો તેટલામાંજ મારાં નવીન માતુશ્રી ઓરડાનુ બારણું બંધ કરી તરતજ મારા ખાટલાની પાસે એક ખુરશી લાવી બેઠી મે પુછ્યું કેમ માઝ્ હજુ સુવાનો વખત નથી થયો કે શું ?

સુવાને માટે આવી છું. માણેકલાલ તમે જાણો તો છો જ કે તમારા બાપની ઉમર ઘરડી હોવાથી મને તેમના ઉપર બરોબર પ્રેમ થતો નથી ને તેટલા જ કારણથી મેં તમારા ઉપર ઘણો જ ભાવ રાખ્યો છે ને તમોને અત્રે જમવા વગેરેની સોઇ કરી છે છતાં તમો તમારી સ્ત્રી પ્રત્યે કે જે તમારા આગળ ડાહી દેખાય છે પણ તે ઘણી ખરાબ ચાલની છે તેના પ્રત્યે પુરતો ભાવ રાખો છો. ભાઈ આમ તો ઘરની આબરૂ થોડાક દીવસ પણ નહિ જ ચાલે:

મારી નવી માતુના આ શબ્દોથી મારા હૃદયમાં કંપારી પછુટી. મારૂં શરીર ધ્રુજવા લાગ્યું. સારા નશીબે હું ખાટલામાં સુતેલો હતો નહિતર જો ઉભો હતે તો જમીનપર પટકવા વખત આવત.

મારી માતાને મેં કહ્યુ માતાજી તમારા મોંમાંથી આવા શબ્દો નીકળશે તથા તમારી આવી ઇચ્છા હશે એવું મે પ્રથમથી નહોતુ ધાયુ. નહિતર આજે અત્રે સુવા આવત નહિ. ભલે તમે મને જો આ ઇચ્છાથી જ અત્રે સુવા તેડાવ્યો હોય તો હવે હું જાઉ છું. તમે નિશ્ચિંતે સુઈ રહો.

માણેકલાલ હું ધારૂં છુ કે તમે તમારા સ્ત્રીના રમાડયા રમો છો એટલે ઘરની આબરૂને હાની પહોંચાડશો. તમારા બાપ તમને અત્રે સુવારવાનું મને કહી ગયા છે એટલે મેં તમને અત્રે તેડાવ્યા છે. છતાં અમે તો જાણીયેજ છીએ કે, માબાપની આજ્ઞાઓ આજકાલનાં છોકરાં ક્યારે પાળે છે? એ તો એમજ સમજે છે કે વહુ બોલે તેજ ખરૂં, ને તેનું કહેવું કરૂ એ જ ફરજ પણ તમારી વહુ એવી ચાલની છે કે જો તેના કહ્યા પ્રમાણે વર્તશો તો તમોને ચપટીમાં રમાડશે. સમજ્યા હં

મારૂં મગજ વહેમી હતું એટલે મારી નવી માતુના મારી સ્ત્રી સંબંધના આવા ઉદ્ગારોથી મારૂં મન વહેમાયું ને તે વહેમ દીન-પ્રતિદીન વૃદ્ધિ થવા પામ્યો.

મેં મારી માતાને કહ્યું કે માતાજી મારી સ્ત્રી એવી સારી ચાલની છે કે તેની આબરૂ ગામમાં હાલ સારી છે છતાં તમે તેના સંબંધમાં આવું બોલો છો તે અઘટીત છે. છતાં તમને તેની ચાલ સંબંધમાં શંકા પડવાનું કારણ મને નજરે બતાવો તો હું સત્ય માનુ;

નહિતર હું તો ન માનુ. માજી હવે વખત થઈ ગયો છે માટે સુઈ જાઓ તો ઠીક.

અમે આવી વાતચીત કરતાં હતાં તેવામાં મારા ઘરનુ બારણુ ખખડ્યું મેં બહાર આવી જોયુ તો મારા બાપા પરગામ ગયેલા તે આવ્યા હતા. આથી મને તો કેદમાંથી છુટવા જેવો આનંદ થયો.

આ હકીકત બની ગયાને દશેક દિવસ થયા તો પણ મારી નવી માતુશ્રીના મનમાં મારી સ્ત્રી પ્રત્યે સારી લાગણી થઈ નહિ પણ ઉલટું તેમને તો મારી સ્ત્રીને વધારે ખરાબ કરવાની ઇચ્છા વધી.

એક વખતે હુ જમવા બેઠો હું ને વખતે મારા મનમાં મારી સ્ત્રી વિષે જુદી જુદી વાતો ખોટી અસર કરે તેવી નવીએ કરવા માંડી ને નવીએ એટલા સુધી પણ કહ્યું કે તમારી સ્ત્રીની ચાલ જોવી હોય તો અત્યારે જ ચાલો મારી સાથે.

પ્રથમથી જ મારૂં મન મારી સ્ત્રીના ખોટાં કામો બદલ વેહમાયલું હતું ને વળી આજે તો નવીએ પ્રત્યક્ષ બતાવવાનું કહેવાથી મારી જીજ્ઞાસા વધી એટલે મેં તરત જ કહ્યું કે ચાલો.

હું તથા નવી બંને મારા ઘર આગળ આવ્યાં કે મારા ઘરમાંથી એક માણસ નીકળ્યો. મારી સ્ત્રી પણ ઓરડામાંથી નીકળી ને મારૂં બાળક પરસાળમાં પારણામાં રોતું હતું.

આ બીના જોઈ મારી નવી માતુએ વાત કહી કે માણેકલાલ જુઓ, સમજુ હોય તો સમજો. સમજીને કંઈ કરો તો ઠીક, નહિતર આમતો આમ ઘરની આબરૂ જશે હવે હું જાઉ છું.

પ્રથમથીજ મારૂં મન વહેમાયું હતું એટલે હું આ વખતે પણ ઘણો જ ક્રોધ યુક્ત થયો. આ વખતે મારી સ્ત્રી અજવાળી રાત્રી હોવાના કારણે ઘર બહાર આંગણામાં કુવો હતો તે આગળ બેસી મારા બા-

ળકને રમાડતી હતી. હું આંગણામાં ખાટલો પાથરેલો હતો તે પર બેસી આમ તેમ જોવા લાગ્યો.

મારી સ્ત્રી મારી પાસે આવી કહેવા લાગી કે સ્વામીન પાણી પીવું છે. કેમ કંઈ બોલતા નથી, આજે કઇ ગુસ્સામાં જણાઓ છો.

મે તો ગુસ્સામાં ને ગુસ્સામાં તેને બીજું તો કંઇ બોલ્યા વગર એક એવો તમાચો લગાવી દીધો કે તેના દંતમાંથી રક્તની ધારા ચાલી નીકળી.

મારી સ્ત્રી બોલી કે આજે એવો મેં શો અપરાધ કર્યો છે તમારી બુદ્ધિ ઠેકાણે કેમ નથી, વિનાં વાંકે શા માટે ગુસ્સે થાઓ છો?

મારી સ્ત્રીના આ બોલતાની સાથેજ મેં પ્રત્યુતર વાળ્યો કે રાંડ જીભ ટુંકી કર સુલક્ષણી છે તે હુ જાણું છું. વગર મોતે મરી જઇશ એમ બોલી બેચાર ગડદાપાકનો શિક્ષા પ્રહાર કર્યો.

મારી સ્ત્રી મારા વહેમી સ્વભાવથી બોલતા શબ્દોથી મારાથી ઘણી કંટાળી હતી તોપણ તે વારંવાર મને વળગતી આવતી હતી છતાં આ વખતે જ્યારે મારા મુખમાંથી તેને માટે મર્મયુક્ત વચન બોલાયું તેથી તેનો ચ્હેરો ફરી ગયો, ક્રોધ અને સંતાપથી તેનાં નેત્રો લાલચોળ થઈ ગયાં, અંબોડો વીખરાઇ કેશ છુટા થઇ ગયા ને મનને વિચારવા લાગી ને વિચારમાં ને વિચારમાં બબડી અઈ કે પતિના મનને આ ખોટી લાગણી શાથી ઉત્પન્ન થઈ હશે. હશે હવે હું ઘણા દીવસથી કંટાળી છું હવે પતિના કુળનું નિખેદ જવાનુ નથી. સંસાર સુખથી હવે ધરાઈ છું, નિર્વંશ મરી જવાનું મેણું રહ્યુ નથી. રાતના નવ વાગ્યા, હું ઘરની અંદર મેડાપર બારી આગળ ખાટલો પાથરી સુઈ રહ્યો. મારી સ્ત્રી ઉપર આવી નહિ તેમ જ જે જગોએ મેં શિક્ષાનો પ્રહાર કર્યો હતો ત્યાંથી દુર ખસી નહિ. હુ બારીએ ઉભો

રહી મારી સ્ત્રીના ખેલ જોયા કરતો હતો. મારી સ્ત્રીની કાંઈ ચમત્કારિક સ્થીતિ દ્રષ્ટિગોચર થતી હતી. ઘરના આંગણામાં તે મારા બાળકને ધવરાવતી હતી, તેની સાડીનો છેડો અવ્યવસ્થીત માલમ પડતો હતો. તેની દૃષ્ટિ બાળક તરફ નહોતી પણ તે આજુબાજુ જોયા કરતી હતી. વચમાં આંખમાંથી નીકળતા ગાલપર પડતા આંસુઓ લુછી સાડીનો છેડો પલાળતી હતી. આંસુઓનાં ટીપાં તેમા મનની દુઃખની લાગણી પ્રદર્શીત કરતાં હતાં તો પણ મારૂં નિર્દય મન પીગળ્યું નહિ.

તેની મુખ મુદ્રાપરથી તે કંઇ નિશ્ચય કરી કહે છે કે બસ હવે તેજ રસ્તો છે. વચમાં ઉઠીને ઉભી થઇને સાડીનો છેડો કમરથી કસીને બાંધી લેતી અને પાછી બાળકને ધવરાવતી. એવી રીતે એ ચારવાર કર્યા પછી મારા બાળકને એ ચારવાર ચુંબન કરી મનથી બબડી ઉઠી કે આટલા દિવસ બહુ શોસ્યુ હવે મન હાથ રહી શકે તેમ નથી. વિલક્ષણ બોલો મારાથી સંભળાતા નથી. મારો ઇલાજ શો? મારનારનો હાથ પકડાય પણ બોલનારનું મ્હોં શી રીતે બંધ કરી શકાય? એટલા બોલો બીજાએ કહ્યા હોત તો આટલી લાગણી થાત નહિ પણ જેના ઉપર મારા જીવનનો આધાર છે તેમણેજ મારો તિરસ્કાર કર્યો માટે હવે જીવીને શું કરવું. પરમેશ્વર તું સઘળું જાણેજ છે. આમાં મારો શો વાંક છે? આટલું બોલી મારા ઘરને છેલ્લા નમસ્કાર કરી મારા બાળકને પ્રભુને શરણ મુકી કુવા આગળ ગઈ તો પણ મારૂં હૃદય પીગળ્યું નહિ.

કુવાની આજુબાજુ ફરી છેવટે તેણે કુવામાં પડતું મૂકયું. મેં તરત જ નીચે જઈ તેને કાઢવાનો ઉપાય કર્યો પણ તે વ્યર્થ. મારા કમનશીબે મેં કોઇને બોલાવ્યા પણ નહિ. છેવટે તેની લાશ મરી ગ-

પેલી કુવામાંથી મળી આવી. હા ' ગઇ તે ગઇ ને મારા વહેમી સ્વભાવથી મારે શીરે કલંક ચોંટયુ

વાર્તા ૪થી દુઃખીપર દયા કરનાર દીકરી.

માગસર માસની પુર્ણીમાના સાંજના ૭ વાગે શહેરમાં શીત વરસી રહી હતી તેમ જ પવન પણ એવો થંડો વાતો હતો કે તમામ નગરવાસી જનો તેના પ્રહારથી જેમ બને તેમ છટકવા પ્રયત્ન કરતા હતા. આ વખતે એક ચાર માળની સુદર હવેલીના બીજા મજલે લલિતા નામની દશ વર્ષની નાની બાળકી પોતાની રૂમની રસ્તાપર પડતી બારીનું બારણું સહજ ઉઘાડી જોઇ રહી હતી. તેવામાં તેની નજરે એક સીત્તેર વરસનો બુઢો તથા તેને એક નાની દીકરીએ દોરેલો એ રીતે રસ્તે ચાલતાં નજરે પડયાં. તે જોઇ તેણે તરત જ પોતાની બાને ટહુકો કરી કહેવા લાગી બા, બા, જો તો ખરી આ દશેક વરસની બાળકી પોતાના ઘરડા બાપને કેવી દોરીને ચાલી જાય છે, બા તેમના શરીરપર લુગડાં પણ નથી, બા તેમને શરીરે ટાઢ નહિ વાતી હોય ? દીકરીના આવા કાલા તેમ જ ગરીબ તરફ દયાના શબ્દો સાંભળી સમજુ બાનુ હૃદય દીકરીપર પ્રેમથી ઉભરાઇ ગયુ ને તરત જ તેણે પાસે પડેલી શાલ દીકરીને ઓઢાડી. દીકરીને ત્યાંથી ઉપાડી લઇ જોડે પડેલી સગડી પાસે બેસાડીને પોતે પણ જોડે બેઠી.

બાએ આમ કર્યુ છતાં પણ સમજુ દીકરીના મનમાંથી પેલા દેખેલા ગરીબની સ્થીતિ ખસી નહિ. તેણે તરતજ વાત ઉપાડી કહ્યું કે બા, બા, હું એક દિવસ માશીબાને ઘેર ગઇ હતી તે વખતે મારી બાની નીલમ ને હું બે ગરીબોની સ્થીતિ સંબંધી વાતો કરતાં હતાં.

તે વખતે માશીબાએ મને ને નીલમને ધમકાવ્યાં ને કહ્યું કે તમારે ગરીબોની વાતો નહિ કરવી તે બા તે શું ખરૂં કહેતાં હશે ? હેં બા શું આપણે ગરીબોની વાતો નહિ કરવી જોઇએ, બા આપણને પરમેશ્વરે પૈસો આપ્યો એટલે આપણે ગરીબોનો ભાવ ન પુછવો જોઇએ ?

દીકરીના આ શબ્દો સાંભળી બા બોલી બેટા તું બહુ ડાહી છે તેમજ તારૂં હૃદય પણ બહુ દયાળુ છે એટલે ઇશ્વર તારૂં ભલુંજ કરશે. પૈસાદારની ફરજ એ છે કે તેમણે ગરીબોને મદદ કરવી, તેમનાં દુખડાં દુર કરવા શ્રીમંતોએ પોતાના ધનનો ઉપયોગ કરવો છતાં જો શ્રીમંતો તે પ્રમાણે વર્ત્તન નહિ કરતાં પૈસાના અભિમાને કરી ગરીબોને કશી ગણતરીમાં લેખતા નથી તેઓ નર્કના અધિકારી થાય છે.

આમ વાતચિત કરે છે તેવામાં લલિતાના બાપા ચૈતન્યલાલ બહાર ગયા હશે તે આવ્યા. કપડાં ઉતારી પાસે પડેલી આરામચેરપર આડા પડી વાર્ત્તાલાપમાં પડ્યા. લલિતા પણ પોતાની બા પાસેથી ઉઠીને તરતજ પોતાના બાપાના ખોળામાં પડી ને બાપાને પેલા ગરીબની વાત કહેવા માંડી. દીકરીના આવા સ્વભાવથી બાપ બહુ ખુશ થયા ને તેમણે તરતજ પોતાની પાસેથી રૂા. ૧) એક દીકરીને આપી કહ્યું દીકરી લે તે ગરીબ દીકરી કાલે તેના બાપને લઇને આવે તો તું આ રૂપીઓ તેને આપજે. આવી દીકરીઓ જો ભારતવર્ષમાં વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય તો ભારતવર્ષની ઉન્નતિ સહજમાં થાય.

— —

વિશાદીશાવાળ પુસ્તક પ્રસારક કમીટીના મેમ્બરોની યાદી.

ગાંધી ભુલાભાઇ પ્રભુદાસ	ટીંટોડા
શા. જમનાદાસ ગોપાળદાસ	કલોલ
શા. છોટાલાલ જમનાદાસ	,,
શા. છોટાલાલ મુલચંદ	પાનસર
મોદી ગોરધનદાસ દલસુખભાઈ	કલોલ
શા. લલુભાઈ બબલદાસ	મેસાણા
શા. બાપુલાલ ચુનીલાલ	કલોલ
શા. કેવલદાસ કુબેરદાસ	,,
ગાંધી પુરશોત્તમદાસ શીવલાલ	,,
ગાંધી મણીલાલ ગોવિંદરામ	માણસા
શા. જુઠાભાઇ રણછોડદાસ	ટીંટોડા
શા. ગોરધનદાસ ઇશ્વરદાસ	લાંઘણજ
ગાંધી છોટાલાલ જેશીંગભાઈ	કલોલ
ગાંધી અમથાલાલ કાળીદાસ	,,
ગાંધી બબાભાઇ હરજીવનદાસ	,,
ગાંધી છગનલાલ ગોપાળદાસ	,,
ગાંધી છોટાલાલ મગનલાલ	કલોલ.
ગાંધી શીવલાલ હરજીવનદાસ	,,
ગાંધી છોટાલાલ મગનલાલ દામોદરદાસ	કલોલ.
ગાંધી શીવલાલ મગનલાલ	,,
શા. કેશવલાલ લલ્લુભાઇ	,,
શા. નારણદાસ બાલુભાઇ	સુરત.
ગાંધી ગીરધરલાલ જેશીંગભાઈ	કલોલ.

ગાંધી મગનલાલ પાનાચંદ	,,
શા. નાથાલાલ જેશીંગભાઇ	,,
ગાંધી ભીખાભાઈ અમુલખદાસ	,,
શા. લલુભાઇ અમુલખદાસ	,,
ગાંધી મોહનલાલ દામોદરદાસ	,,
શા. સોમાભાઇ શીવલાલ	,,
શા. મોતીચંદ પાનાચંદ	સરઢવ
શા. નાથાલાલ અંબારામ	કલોલ
મોદી ચુનીલાલ મુલચંદ	લાંઘણુજ.
શેઠ નેમચંદ અમથાભાઈ	ઓસરામા
શા. ગોરધનદાસ છગનલાલ	કલોલ
શા. ચુનીલાલ ધર્મચંદ	મુબાઈ
શા. પ્રેમચંદ નંદલાલ	સીસોધરા.
રા. રા. ગંગારામ પાનાચંદ	મુબાઇ
રા. રા. પ્રેમચંદ છગનલાલ	,,
રા. રા. મથુરાદાસ મયાચંદ	મરાડા
શા. લખમીચંદ મનીચંદ	બુરાનપુર
પરીખ ચીમનલાલ ત્રીકમલાલ	પાટણ
શા. નરોત્તમદાસ ઘેલાભાઇ	લાંઘણુજ
શા. બબલભાઈ છગનલાલ	કલોલ.
શા. મગનલાલ મોતીચંદ	,,
શા. નરોતમદાસ રણછોડદાસ	પાનસર.
પારેખ જમનાદાસ મોહનલાલ	માણસા.
રા. રા. કીશનદાસભાઈ	બુરાનપુર.

શા. માણેકલાલ પાનાચંદ	ગોઝારીયા.
શા. શીવલાલ સાંમળદાસ	તળેગામ.
રા. સા. આત્મારામ હરખચંદ	,,
શા. નારાયણદાસ લાલચંદ	પુના.
રા. રા. કનૈયાલાલ રામચંદ	,,
રા. રા. ઘનશ્યામદાસ રામચંદ	,,
શા. વિષ્ણુદાસ લાલચંદ	મુંબાઈ
શા. ચુનીલાલ ગોવિંદરામ	બાલીસણા
શા. વીઠલદાસ મોહનલાલ	ગોઝારીયા
પારેખ નાથાલાલ હીરાલાલ	માણસા
શા. મણીલાલ જેઠાભાઈ	કલોલ
ગાંધી નથુભાઈ વજેરામ	સરઢવ
ગાંધી લલુભાઈ સાંમળદાસ	કલોલ.
શા. જેશંગભાઈ અમુલખદાસ	કલોલ

જાહેર ખબર.

વિશાદીયાવાળ પુસ્તક પ્રસારક કમીટી તરફથી “ ગુણીયલ ગીતાવલી ભાગ ૧ લો ” બહાર પડવાનો છે જેની કીંમત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૦-૪-૦ તથા પાછળથી રૂ. ૦-૬-૦ લેવામાં આવશે માટે જેને ગ્રાહક થવું હોય તેમણે તરત જ નીચેને સીરનામે પત્ર વ્યવહાર કરવો.

ગ્રાહકોના પ્રમાણમાં જ કોપીઓ છપાવવાની છે માટે જલદીથી નામ નોંધાવવા. અગાઉથી જે જે ગ્રાહકો થયા હશે તેમનાં નામ તેમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

પત્રવ્યવહારનું ઠેકાણું:

તુલજારામ અને સકરાભાઈની કું.,

૩૭ મોહન બીલ્ડીંગ્સ;

ગીરગામ મુંબાઈ,

અને

મણીલાલ ગોવિંદરામ ગાંધી,

૧૧૬ બનીયન સ્ટ્રીટ, મુંબાઈ.

અમદાવાદ
'સત્યનું' પ્રીન્ટીંગ પ્રેસમાં
કેશવલાલ, પુરુષોત્તમદાસ ઠાકોરે છાપી.